chapter - 5

# પ્રકરણ-૫

# ઉપસંહાર


- કર્તાનામ સૂચિ............. ૧૭૭
- કૃતિનામ સૂચિ............. ૧૭૯
- સામયિક સૂચિ............. ૧૮૦
- અંગ્રેજી સંદર્ભ સૂચિ ........ ૧૮૧

# પ્રકરણ ૫

# ઉપસંહાર

આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં માનવ એવા શીર્ષક હેઠળ ૧૯૫૫થી ગુજરાતી સાહિત્યમાં જે આધુનિકતાની પ્રારંભકાલીન પરિસ્થિતિ હતી અને તેમાં જે સાહિત્યમાં આધુનિકતા જણાઈ તે સમગ્રની વાત ટૂંકમાં અને આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાની વાત વિસ્તૃત રીતે કરી છે. માત્ર ૧૯૫૫ એવો કોઇ નિશ્ચિત સમય આધુનિકતાનો કે કોઇ પણ યુગ પરિવર્તનનો આપવો અશક્ય છે કારણ કે જે આવે છે તે બધા પરિવર્તનો યુગ પરિવર્તનો કંઈ પરિવર્તનો કંઇ એક જ દિવસમાં નથી બદલાઈ જતા. પરંતુ એ તો અમુક સમય સુધી સતત ચાલનારી પ્રક્રિયા હોય છે. એટલે જ્યારથી ગુજરાતી સાહિત્ય અને ટૂંકી વાર્તામાં આધુનિકતાના આછા - પાતળા લક્ષણો જોવા મળતા હતા એ બધા જ સર્જકો અને સાહિત્ય સ્વરૂપોની અહીં નોંધ લેવાનો યથાયોગ્ય પ્રયત્ન મેં કર્યો છે.

શરૂઆત થી જ ઉપક્રમ એવો રાખવામાં આવ્યો છે કે શીર્ષકને બરોબર ન્યાય આપીને તેના હાર્દમાં જઇને તે મુદ્દાની પણ વિશેષ રીતે વાત કરવી અને આ બધુ જ બહુ જ જહેમત પૂર્વક શોધી સંશોધીને શક્ય એટલી નવીન અને ગુજરાતી સાહિત્યના ભવિષ્યના સંશોધકોને ઉપયોગી નિવડે અભ્યાસુઓને ઉપકારક નિવડે તેનું ધ્યાન રાખ્યું છે.

આધુનિક સંજ્ઞાને ઓળખાવવા માટે તો ઘણા બધા પુસ્તકો અને શબ્દકોશ મળ્યા પરંતુ એ બધામાં જે ઓથેન્ટિક હતા તેવા જ પુસ્તક અને કોશનો ઉપયોગ કરીને આધુનિક સંજ્ઞાનો અર્થ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ આધુનિક સંજ્ઞાના ગુજરાતી અંગ્રેજી અને હિન્દી એમ ત્રણેય ભાષામાંથી અર્થો મેળવ્યા છે. તેમાં મુખ્ય ભગવદ્ગોમંડલ, એન્સાયકલોપીડિયા ઓફ બ્રિટાનિકા અને ગુજરાતી વિશ્વકોશ ખંડ - ૨ વગેરેનો ઉપયોગ કર્યો છે. આ સાથે આધુનિકતા અંગે વિવિધ વિદ્વાનોએ આપેલા મંતવ્યો પણ નોંધ્યા છે જેમાં સુરેશ જોશી, ચંદ્રકાન્ત ટોપીવાલા, ભોળાભાઈ પટેલ, નલિન રાવળ, રમણલાલ જોશી, નરેશ વેદ, સુમન શાહ અને ચન્દ્રકાન્ત બક્ષીના મતો મુખ્ય છે. આ સાથે આધુનિકતા અને પરંપરા બંને વિશે જુદી જુદી ચર્ચા કરીને

પરંપરા અને આધુનિકતા એકબીજાથી જે રીતે જુદી પડે છે અને તે એકમેકને કઈ રીતે ઉપકારક નિવડે છે તે પ્રમાણભૂત અંગ્રેજી અને ગુજરાતી શબ્દકોશના આધારે સમજાવ્યું છે. કેમ કે પરંપરા અને આધુનિકતા બંને એક જીવંત અને પરિવર્તનશીલ વિભાવ છે આ પછીનો મુદ્દો આધુનિકતા અને સમકાલીનતાનો લીધો છે, આ બંને સંજ્ઞા એકબીજાથી જુદી છે છતાં કેટલીક વાર આધુનિકતાને જ સમકાલીનતાની પર્યાયવાચી સંજ્ઞા માની લેવામાં આવી છે. આ સંજ્ઞાઓ અંગે સ્ટીફન સ્પેન્ડર જેવા વિદ્વાનોના મતો પણ અહીં નોંધવામાં આવ્યા છે. ટૂંકમાં આશય એ રહ્યો કે સમકાલીન એટલે એક કાલીન અને આધુનિક એટલે દરેક સમયનું સર્વકાલીન છતાં હમણાનું લાગે તેવું એવા અર્થો સ્પષ્ટ કર્યા છે.

આધુનિકતા, પરંપરા અને સમકાલીન વગેરે સંજ્ઞાઓની સમજ પછી માનવનો મુદ્દો ચર્ચયો છે. જેમાં સીધી જ આધુનિક સાહિત્યમાં માનવ એને જ કેન્દ્રમાં રાખીને વાતને આગળ વધારીને આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં માનવ પર પૂર્ણ કરી છે. આ મુદ્દામાં વિશ્વના સાહિત્યમાં ઝીલાયેલી માનવની છબી અને સમગ્ર ભારતીય સાહિત્યમાં અને પછી ગુજરાતી સાહિત્યમાં જુદા જુદા સાહિત્ય સ્વરૂપમાં દરેક યુગના સાહિત્યમાં માનવીને કેવી રીતે ઉપસાવવામાં આવ્યો છે તેની ઝીણવટ પૂર્વક પરંતુ સંક્ષેપમાં વાત કરી છે. કેમ કે મુખ્ય મુદ્દો તો ટૂંકી વાર્તામાં અને તે પણ ગુજરાતીની આધુનિક ટૂંકી વાર્તામાં એટલે એ મુદ્દાને છેલ્લે રાખીને તેની વિસ્તૃત ચર્ચા કરી છે. આમાં પણ માત્ર આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં જે માનવ છબી ઉપસે છે તેમાં જૂના અથવા પરંપરાગત સાહિત્યમાંથી ઉપસતા માનવની છબીમાં ઘણું જુદાપણું છે તે બતાવવા માટે પરંપરાગત ગુજરાતી ટૂંકી વાર્તાની સાથે રાખીને એક બીજાની વચ્ચે રહેલા ભેદ આંગે વાત કરી છે.

જ્યારે ભારતીય સાહિત્યમાં માનવની વાત કરી છે ત્યારે તેમાં ગુજરાતી સાહિત્યના જુદા જુદા સાહિત્ય સ્વરૂપો જેવા કે કવિતા, નવલકથા, નાટક જેવા વધુ ખેડાયેલા સ્વરૂપોમાં આવતા માનવની વાત સાથે સામે પરંપરાગત ટૂંકી વાર્તા અને આધુનિક ટૂંકી વાર્તામાં માનવની ઉંડાણપૂર્વક વાત કરી છે. આ મુદ્દામાં પરંપરાગત અને આધુનિક સાહિત્ય અને ટૂંકી વાર્તામાં કયા, કેવા માનવની છબી ઝીલાયેલી છે તેની સમગ્રલક્ષી વાત કરવામાં આવી છે.

પ્રકરણ બેમાં સાહિત્યમાં આધુનિકતાના પ્રારંભનો મુદ્દો ચર્ચયો છે. વૈશ્વિક અને

ભારતીય સાહિત્યમાં આધુનિકતાના પ્રારંભ વિશે અહી એક સાથે પ્રસ્તાવનારૂપ વાત કરી છે. જ્યારે બે પોઇંટ એકમાં વિશ્વસાહિત્યમાં આધુનિકતાનો પ્રારંભ ઘણો જ મોટો વ્યાપ ધરાવતો મુદ્દો હોવા છતાં અહીં તે સમગ્રને ન્યાયિક રીતે વણી લેવાનો પ્રયત્ન કર્યો છે. વિશ્વ સાહિત્યમાં ઉત્તમ કૃતિઓને પણ લેવાનો આશય હતો પરંતુ એ સઘળું લેવાનું થાત તો મુખ્ય વાતને યોગ્ય ન્યાય ન આપી શકાયો હોત એટલે અહીં વિશ્વ સાહિત્યમાં આધુનિકતાના પ્રારંભની મુખ્ય મુખ્ય બાબતોને જ સ્થાન આપી વિષયને ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે. એ જ પ્રમાણે ભારતીય સાહિત્યમાં પણ આધુનિકતાની વાત કરતા હોઇએ તો દરેકે દરેક રાજ્ય-પ્રાંતના સાહિત્યને સામે રાખીને વાત કરવી પડે પરંતુ જો એ સઘળાની અહીં વાત કરવામાં આવે તો તે અમર્યાદ છે એટલે તેમાંથી પણ જે જે સાહિત્યમાં એટલે કે જે ભારતીય સાહિત્યમાં આધુનિકતાના લક્ષણો જોવા મળ્યા તેની શરૂઆતને પ્રાધાન્ય આપી ભારતીય સાહિત્ય સંદર્ભે ગુજરાતી સાહિત્યમાં આધુનિકતા પ્રતિત થઈ એની વાત વિસ્તારપૂર્વક કરીને ભારતીય સાહિત્યમાં આધુનિકતાનો મુદ્દો અહીં પૂર્ણ કર્યો છે.

આ સાથે ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રારંભ અને આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાનો પ્રારંભ રજૂ કરવાનું અહીં ટાળ્યું છે કેમ કે પ્રકરણ એકમાં આ બંને મુદ્દા અંગે ખૂબ જ ઝીણવટ પૂર્વક એની વિશદ ચર્ચા કરી દીધી છે એટલે પુનરાવર્તન દેષ ન થાય એની કાળજી લીધી છે.

પ્રકરણ ત્રણમાં આધુનિક સાહિત્યમાં માનવ એ સંદર્ભે વિશ્વ સાહિત્ય અને ભારતીય સાહિત્યમાં માનવ એ બે મુદ્દાનો સમાવેશ કરવામાં આવ્યો છે. માનવી આજે ઘણા સંઘર્ષો કરીને પોતાનું જીવન વ્યતિત કરી રહ્યો છે. માનવીને જેટલો ભય મૃત્યુનો છે તેનાથી બમણો તેની સામે ઊભી થતી પરિસ્થિતિનો છે. માનવીની સમક્ષ એટલી બધી સમસ્યાઓ ઊભી થતી હોય છે કે રોજ રોજ તેને ઉકેલવામાં જ તેનો મોટાભાગનો સમય વ્યતિત થઈ જાય છે. તેની સામે જો મૃત્યુ પણ આવે તો જાણે કે તેનેય એ એમ કહી દે કે હજુ તો હું મારી સમસ્યાઓનું સમાધાન શોધવામાં વ્યસ્ત છું મારી પાસે તને યાદ કરવાનો તો સમય સુધ્ધાં નથી. આમ, આધુનિક માનવીનું જીવન એક તરફ સંઘર્ષથી ભરેલું છે તો બીજી તરફ તેને જીવાડનારી એવી અનેક બાબતો છે જેને તે છોડ્યા વિના મરી પણ નથી શકતો કે તેનો વિચાર પણ નથી કરી શકતો.

આધુનિક વિશ્વસાહિત્યમાં આવતા માનવની છબી કંઇક આવી ઝીલાયી છે. માનવીની પ્રવૃત્તિઓનાં પરિમાણ વિરાટ બની ગયા છે, એની સિધ્ધિની યાદી મોટી ને મોટી જ થતી જ જાય છે. ભૂગોળને છોડીને ખગોળ સુધી એને માત્ર દૃષ્ટિ દોડાવી નથી, એના અપરોક્ષ સમ્પર્કમાં પણ એ આવ્યો છે. ને આમ છતાં આ સિધ્ધિઓનું ગૌરવ લેવાની ક્ષણે એ કોઇ અભૂતપૂર્વ હતાશા અનુભવે છે. સમૂહ વચ્ચે, રાષ્ટ્રસંઘો વચ્ચે યુધ્ધની આગલી હરોળ પર કે શાન્તિસમિતિઓમાં એ નર્યો એકાકી છે. એના કાનમાં પોતાના જ શૂન્યના પડઘા ગાજે છે. પોતાના મરણને મોઢામોઢ ઓળખ્યા વિના ઉતાવળથી ચાલી ગયેલા સૌ કોઇનું સંચિત મરણ આજે ક્ષિતિજ પર ઝળુંબી રહ્યું છે. જાણે કે માનવીના આ જીવનનો પૃથ્વી પરના કોઇ વ્યવહારમાં ખપ-ઉપયોગ નથી.

આધુનિક ગુજરાતી સાહિત્યમાં માનવનું ચિત્ર કંઇક આવું દેખાય છે. આધુનિક ભારતીય સાહિત્ય સંદર્ભે તેની ચર્ચાને વિસ્તારી છે. એક તરફ માનવીને ભગવાનની સમકક્ષ બતાવવામાં આવ્યો છે તો બીજી તરફ કોઈ પ્રચંડ શક્તિ સામે માનવીને સાવ લાચાર બતાવ્યો છે. આ સાથે વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાન એક બાજુ પ્રગતિ કરી છે તો બીજી તરફ માનવીને લાચાર અને કેદ કર્યો છે. આજના સમાજને સત્યનો હવે કોઈ ખપ નથી રહ્યો, એ હકીકત જ શાશ્વત આધુનિકતા છે. સોક્રેટિસને ઝેરનો પ્યાલો પી લેવો પડ્યો અને ગાંધીજીને પણ ગોળીએ વીંધાવું પડ્યું, આધુનિક સાહિત્યનો જે સર્જક આ શાશ્વત સંદર્ભ સાથે પોતાની સર્જકતાનો સંબંધ જોડી શકે એ જ સાચા માનવ સંદર્ભ પર આંગળી મૂકી શકે.

ચોથુ પ્રકરણ આખા શોધનિબંધનું હૃદય છે. જેનું શીર્ષક છે આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં માનવ. આ મુદ્દામાં પહેલા આધુનિક ગુજરાતી વાર્તાની પ્રસ્તાવનારૂપ વાત કરી છે અને પછી પરંપરાગત ટૂંકી વાર્તામાં માનવનું ચિત્ર કેવું દર્શાવેલું છે તે અને ત્યારબાદ આધુનિક ટૂંકી વાર્તામાં માનવનું કેવું ચિત્ર જોવા મળે છે તે વાર્તાના ઉદાહરણો સાથે તેની ટૂંકી કથા અને વાર્તા સર્જકની સર્જનાત્મકતા આધુનિકતા વિશે પણ આ સાથે જ ચર્ચા કરી છે.

પરંપરાગત ટૂંકી વાર્તામાં જે વાર્તા સર્જકો મહત્વના છે તેની મુખ્ય વાર્તાના સંદર્ભે અહીં માનવની વાત રજૂ કરી છે. જેમ કે ધૂમકેતુની 'એક ટૂંકી મુસાફરી' આ વાર્તાની જગ્યાએ બીજી વાર્તા 'પોસ્ટ ઓફિસ' લઈ શકાઈ હોત પરંતુ શું ધૂમકેતુએ માત્ર એક જ સારી વાર્તા લખી છે

? એવું તો નથી જ માટે અહીં મહત્ત્વના સર્જકોની એવી વાર્તાઓ અહીં લીધી છે કે જે પોતાની અન્ય મુખ્ય વાર્તાઓ જેટલું જ સત્વ ધરાવે છે. ધૂમકેતુ પછી રા.વિ.પાઠકની 'મુકુન્દરાય', સુંદરમ્‌ની 'માને ખોળે', ઉમાશંકર જોશીની 'મારી ચંપાનો વર', પન્નાલાલ પટેલની 'કંકુ', ગુલાબદાસ બ્રોકરની 'કુંડી', ઈશ્વર પટેલીકરની 'શિવ-પાર્વતી', ચુનિલાલ મડીયાની 'અંતઃ સ્રોતા' અને જયંત ખત્રીની 'ધાડ', વાર્તાઓ પરંપરાગત વાર્તામાં માનવની છબી ઉપસાવી આપવા માટે ઉપયોગમાં લીધી છે. મને લાગે છે કે આ એવી વાર્તાઓ છે કે જેમાં માનવીની સ્પષ્ટ છબી આપણને ઉપસતી જોવા મળે છે. આમ પણ જે જે વાર્તાકારો લીધા છે તે સઘળા વાર્તાકારો એ ગુજરાતી સાહિત્યના વાર્તા જગતમાં આકાશના તારાઓની જેમ અનંત સમયને જીવી જનારી વાતોએ ગુજરાતી સાહિત્યને ભેટ આપી છે. ગુજરાતી વાર્તા સાહિત્યનો આ તો અમર વારસો સાબિત થયેલ છે.

આવી જ અમર કૃતિઓ આધુનિક વાર્તા સાહિત્યની પણ છે. આપણા ગુજરાતી સાહિત્યમાં કેટલીક કૃતિઓ જાણે કે પોતે જ ટર્નીંગ પોઇંટ બનીને જન્મે છે. એટલે કે કોઇ વાર્તાકારની બધી જ વાર્તાઓ સારી કે ખરાબ નથી હોતી તેમ તે વાર્તાકારોની કોઇ એક વાર્તા પણ આખા જમાનાને - યુગને ઓળખાવવા માટે સક્ષમ બની જતી હોય છે. મારું આ વિધાન અતિશયોક્તિ નહિ જ લેખાય. એવી આ વાર્તાઓ આપણા ગુજરાતી સાહિત્યમાં જ નહિ પરંતુ જગત સાહિત્યમાં પણ મળી આવે છે અને તે સઘળી વૈશ્વિક સ્તરની વાર્તાઓની પણ યોગ્ય જગ્યાએ વાત કરી જ છે. ટૂંકમાં અહીં કહેવાનો અર્થ એ છે કે આધુનિક વાર્તાકારોની એકથી વધારે વાર્તાઓ આધુનિક હોય એમાં બે મત નથી પરંતુ એ સહુમાં જે વાર્તા કૃતિઓ ઓછી ચર્ચામાં આવેલી છતાં સત્વશીલ લાગી છે તેવી વાર્તાઓને પસંદ કરીને તે વાર્તાના હાર્દની તપાસ સાથે આધુનિકતાના લક્ષણોની ચર્ચા પણ કરી છે.

આમ, તો જોવા જઇએ તો શાસ્ત્રીય રીતે ક્યારેય કોઇ યુગ નિશ્ચિત વર્ષમાં શરૂ થયો નથી કે પૂરો થયો નથી તેમ છતાં આપણે આધુનિકતાનો સ્પષ્ટ ચહેરો - મહોરો ૧૯૫૫ એટલે કે છઠ્ઠા દાયકામાં જોઇ શક્યા પરંતુ એ વાતને પણ આપણે નકારી નથી કાઢતા કે તે પહેલાં કોઈ વાર્તાકારે આજે જેને આપણે આધુનિક કહીએ છે તેના અમુક લક્ષણો પ્રગટાવતી વાર્તા નથી આપી. કેમ કે આધુનિકતાના અમુક લક્ષણો તો સુરેશ જોશી પૂર્વે પણ કેટલાક વાર્તાકારોની

વાર્તામાં પ્રગટ્યા જ છે. છતાં અહીં આધુનિક યુગનો સ્પષ્ટ સંકેત મળ્યો ત્યારે પછીના એટલે કે સુરેશ જોશીના 'ગૃહપ્રવેશ' વાર્તા સંગ્રહથી છેક અત્યાર સુધી પ્રકાશિત થયેલા સહુ આધુનિક વાર્તાકારોના સંગ્રહોમાંથી તેમની મહત્ત્વની વાર્તાઓને લઇને વાત કરી છે.

સૌપ્રથમ આધુનિક યુગના અગ્રણી એવા સુરેશ જોશીની વાર્તા લીધી છે 'થીગડૂં' અને 'એક મુલાકાત', મધુરાયની 'કાન', કિશોર જાદવની 'મદદનીશ', લક્ષ્મીકાંત ભટ્ટની 'ચોસઠ થી આઠ ઉપર', ચંદ્રકાન્ત બક્ષીની 'ચક્ષુઃશ્રવા', જ્યોતિષ જાનીની 'બે જગજીવનરામનો સાક્ષાત્કાર', સુમન શાહની 'કાકાજીની બોધકથા', રાધેશ્યામ શર્માની 'ધ્રુજારી', ઇંવાડેવની 'તરંગિણીનું સ્વપ્ન', સરોજ પાઠકની 'ભગવાનનું લેસન', પવનકુમાર જૈનની 'ઇંપાણનું યૌવન', વિજય શાસ્ત્રીની 'ઘટના એટલે કે ', સત્યજીત શર્માની વાર્તા 'મોજું', અને ઘનશ્યામ દેસાઇની 'કાગડો' આમ લગભગ બધા જ આધુનિક વાર્તાકારોની મહત્ત્વની વાર્તાકૃતિને લઇને આધુનિક ટૂંકી વાર્તામાંથી ઉપસતા માનવની છબીનું વાસ્તવિક ચિત્ર દર્શાવવાનો યથાશક્ય પ્રયત્ન કર્યો છે. ઘણા વાર્તાકારોની હજુ ઘણી વાર્તાકૃતિ લઇ શકાય છતાં દરેક કાર્યને એક મર્યાદા હોય છે તે સીમા વિનાનું કાર્ય કરવામાં આવે તો તેનો અર્થ પણ અનંત બને એટલે શક્ય એટલી વાર્તાકૃતિ અને વાર્તાકારોનીવાત અહીં લેવાનો મારો જે યત્ન છે તે 'ગાગરમાં સાગર' ભરવા જેટલા કપરા કાર્ય જેવો હતો પણ છતાં તેને સર્વાંગપણે અમુક તૃટિઓ રહી ગઈ છતાં તેનું કાર્ય સંતોષજનક બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

છેલ્લે પાંચમું પ્રકરણ ઉપસંહાર છે. આ પ્રકરણમાં પ્રકરણ એકથી ચાર સુધી જે સંશોધનકાર્ય કર્યું તેની મહત્વની બાબતોની ચર્ચા કરી છે. એટલે કે આ શોધ નિબંધનો જે વિષય છે એનો વ્યાપ ઘણો મોટો છે. એટલે સ્વાભાવિક રીતે જ જે વાર્તા સર્જકની વાર્તાઓની વાત અહીં કરી છે તેની જ વાત શા માટે કરી અન્ય વાર્તાકારોની વાર્તાઓની વાત શા માટે નહિ ? અને એવા અનેક અન્ય પ્રશ્નો જેવા કે ચોક્કસ પસંદ કરેલા વાર્તાકારોની જ વાર્તા અને તેમની પણ મુખ્ય કૃતિઓની જ ચર્ચા કરી છે તેના મારે સબળ કારણો આપવા હોય તો હું એટલું જ કહું કે પહેલા તો મને મારા સાહિત્યના પરિશીલ નથી જે મેં વાંચ્યું, અવલોક્યું અને વિવેક દાખવીને પસંદ કર્યું તેને સાહિત્ય વિવેચકોના વિચાર સાથે સરખાવ્યું અને પછી જ મારા અંતિમ નિર્ણયોના પરિપાક રૂપે આ શોધકાર્ય કર્યું છે.

# કર્તાનામ સૂચિ

| | | |
|---|---|---|
| અયૂબ અબૂ સઈદ | - | કાવ્યમાં આધુનિકતા |
| અગ્રવાલ બિપિન કુમાર | - | આધુનિકતા કે પહલુ |
| આશર બિપિન | - | આધુનિકતા એક વિભાવ |
| આપ્ટે વામન શિવરામ | - | સંસ્કૃત હિન્દી કોશ |
| ઉશનસ્ | - | આધુનિક કવિતા : ચાર મુદ્દા |
| કાલીકા પ્રસાદ અને બીજા | - | બૃહત હિન્દી કોશ |
| કોઠારી જયંત | - | ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા |
| કોઠારી મધુ | - | સાહિત્યિકવાદ |
| ગાંધી ભોગીલાલ | - | જ્ઞાન ગંગોત્રી ગ્રંથ-૧૦ |
| ચૌધરી રઘુવીર | - | સ્વાતંત્રોત્તર ગુજરાતી નવલિકા |
| ચૌધરી રઘુવીર | - | અદ્યતન નવલિકા સંચય |
| ચૌધરી રઘુવીર | - | વાર્તા વિશેષ |
| જાદવ કિશોર | - | નવી ટૂંકી વાર્તાની કળા મીમાંસા |
| જોશી સુરેશ | - | આધુનિક કવિતા : ચાર મુદ્દાઓ |
| જોશી સુરેશ | - | કાવ્ય ચર્ચા |
| જોશી સુરેશ | - | આમુખ નવી સહેલીની નવલિકાઓ |
| જોશી સુરેશ | - | ગૃહ પ્રવેશ |
| જોશી સુરેશ | - | શ્રુણ્વન્તુ |
| જોશી સુરેશ | - | કથોપકથન |
| જોશી સુરેશ | - | કિંચિત્ |
| જોશી સુરેશ | - | અષ્ટમોધ્યાય |
| જોશી સુરેશ | - | અરણ્યરુદન |
| જોશી ઉમાશંકર | - | પ્રતિશબ્દ |
| જોશી રમણલાલ | - | સમાન્તર |
| ટોપીવાળા ચન્દ્રકાન્ત | - | પ્રતિભાષાનું કવચ |
| ટોપીવાળા ચન્દ્રકાન્ત | - | આધુનિક સાહિત્ય સંજ્ઞા કોશ |
| ઠાકર ધીરુભાઈ | - | સામ્પ્રત સાહિત્ય |
| ઠાકર ધીરુભાઈ | - | અર્વાચીન ગુ.સાહિત્યનો ઇતિહાસ ભા-૫ |
| ઠાકર ધીરુભાઈ | - | વિક્ષેપ |
| ઠાકર ધીરુભાઈ | - | પ્રતિભાવ |
| ત્રિવેદી રમેશ | - | અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ |
| ત્રિવેદી વિશ્નુપ્રસાદ | - | ઉપાયન |
| દવે હરિન્દ્ર | - | વિવેચનની ક્ષણો |
| ડૉ. નરેન્દ્ર | - | કાવ્યબિંબ |
| પટેલ ભોળાભાઈ | - | અધુના |
| પટેલ કાન્તિ | - | સાહિત્યિકવાદ |
| પટેલ મણિલાલ હ. | - | પરિષ્કૃત વાર્તા અને બીજા લેખો |
| પંચાલ શિરીષ | - | ગુજરાતી વાર્તા સંચય ભા-૧ |
| પંચાલ શિરીષ | - | ગુજારાતી વાર્તા સંચય ભા-૨ |
| પાઠક જયંત | - | આલોક |

| | | |
|---|---|---|
| પાટક જયંત | - | ટૂંકી વાર્તા અને બીજા લેખો |
| પારેખ નગીનદાસ | - | કાવ્યમાં આધુનિકતા (સંપાદન) |
| બક્ષી ચન્દ્રકાન્ત | - | આભંગ |
| બક્ષી મધુસુદન | - | સાર્ત્રનું તત્ત્વજ્ઞાન |
| બ્રહ્મભટ્ટ અનિરુધ્ધ | - | આધુનિક કવિતા |
| બ્રોકર ગુલાબદ.સ | - | કેટલીક ગુજરાતી ટૂંકી વાર્તાઓ ૧૯૫૫-૮૦ |
| ભગત નિરંજન | - | સ્વાધ્યાય લોક ભા-૬ |
| ભગવત સિંહ | - | ભગવદ્ગોમંડલ ભાગ-૨ |
| ભણોત વત્સરાજ | - | આધુનિક સ્કેન્ડેનેવિયન કવિતાની ભૂમિકા |
| ભાયાણી હરિવલ્લભ | - | કાવ્યમાં શબ્દ |
| મહેતા ચન્દ્રવદન | - | નાટ્યરંગ |
| મેકવાન જોસેફ | - | અમર સંવેદન કથાઓ |
| યાજ્ઞિક અમૃતલાલ | - | સાહિત્યિકવાદ |
| રાય મધુ | - | હાર્મોનિકા |
| વરમા ધનંજય | - | હસ્તક્ષેપ |
| વ્યાસ દક્ષા | - | સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા : પરિદર્શન |
| વેદ નરેશ | - | કથાવિમર્શ |
| શર્મા રાધેશ્યામ | - | નવી વાર્તા |
| શાહ સુમન | - | સુરેશ જોશીથી સત્યજીત શર્મા |
| શાહ સુમન | - | સાહિત્યમાં આધુનિકતા |
| શાહ સુમન | - | કેટલીક ગુજરાતી ટૂંકી વાર્તાઓ ૧૯૫૫-૮૦ |
| શાહ સુમન | - | સુરેશ જોશીથી સુરેશ જોશી |
| શાહ રસિક | - | વિવેચન : ચારમુદ્દા |
| શાસ્ત્રી વિજય | - | ટૂંકી વાર્તા (સંપાદન) |
| શુક્લ યશવન્ત | - | પ્રતિસ્પંદ |
| શુક્લ યશવન્ત | - | ગુજરાતી વાર્તા |
| શેઠ ચન્દ્રકાન્ત | - | સાહિત્યવાદ |

# કૃતિનામ સૂચિ

| | | |
|---|---|---|
| અરણ્યરુદન | - | સુરેશ જોશી |
| અષ્ટમોધ્યાય | - | સુરેશ જોશી |
| અધુના | - | ભોળાભાઈ પટેલ |
| અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભા-૫ | - | રમેશ ત્રિવેદી |
| અમર સંવેદન કથાઓ | - | જોસેફ મેકવાન |
| આધુનિકતા એક વિભાવ | - | બિપિન આશર |
| આધુનિક સાહિત્ય સંજ્ઞા કોશ | - | સંપાદક ચન્દ્રકાન્ત ટોપીવાલા |
| આધુનિક કવિતા : ચાર મુદ્દા | - | અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ અને બીજા |
| આધુનિકતા કે પહલુ | - | બિપિનકુમાર અગ્રવાલ |
| આભંગ | - | ચન્દ્રકાન્ત બક્ષી |
| આધુનિક સ્કેન્ડેનેવિયન કવિતાની ભૂમિકા | - | વત્સરાજ ભણોત |
| આલોક | - | જયંત પાઠક |
| ઉપાયન | - | વિષ્ણુપ્રસાદ ત્રિવેદી |
| કથાવિમર્શ | - | નરેશ વેદ |
| કથોપકથન | - | સુરેશ જોશી |
| કલ્પન વિભાવના અને વિનિયોગ | - | નીતિન વડગામા |
| કાવ્યચર્ચા | - | સુરેશ જોશી |
| કાવ્યમાં આધુનિકતા | - | અબૂસઈદ અયુબ |
| કાવ્યબિંબ | - | ડૉ. નરેન્દ્ર |
| કિંચિત | - | સુરેશ જોશી |
| કેટલીક ટૂંકી વાર્તાઓ ૧૯૫૫-૮૦ | - | ગુલાબદાસ બ્રોકર, સુમન શાહ |
| ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા | - | જયંત કોઠારી |
| ટૂંકી વાર્તા અને બીજા લેખો | - | જયંત પાઠક |
| ટૂંકી વાર્તા | - | વિજય શાસ્ત્રી |
| નવી ટૂંકી વાર્તાની કળા મીમાંસા | - | કિશોર જાદવ |
| નવી શૈલીની નવલિકાઓ | - | સુરેશ જોશી |
| નવી વાર્તા | - | રાધેશ્યામ શર્મા |
| નાટ્યરંગ | - | ચન્દ્રવદન મહેતા |
| ગુજરાતી કથાવિશ્વ | - | નરેશ વેદ (સંપાદન) |
| ગુજરાતી વાર્તા સંચય ભાગ-૧-૨ | - | જયંત પારેખ, શિરીષ પંચાલ |
| ગૃહ પ્રવેશ | - | સુરેશ જોશી |
| જ્ઞાન ગંગોત્રી ગ્રંથ-૧૦ | - | ભોગીલાલ ગાંધી |
| પરિષ્કૃત વાર્તા અને બીજા લેખો | - | મણિલાલ હ. પટેલ |
| પ્રતિસ્પંદ | - | યશવંત શુક્લ |
| પ્રતિભાવ | - | ધીરુભાઈ ઠાકર |
| પ્રતિભાષાનું કવચ | - | ચન્દ્રકાન્ત ટોપીવાળા |
| ભગવદ્ ગોમંડલ | - | સંપાદક ભગવત સિંહ |
| વાર્તા વિશેષ | - | રઘુવીર ચોધરી |
| વિવેચન : ચાર મુદ્દા | - | રસિક શાહ |
| વિક્ષેપ | - | ધીરુભાઈ ઠાકર |

| | | |
|---|---|---|
| હસ્તક્ષેપ | - | ધનંજય વર્મા |
| હાર્મોનિકા | - | મધુરાય |
| સમાન્તર | - | રમણલાલ જોશી |
| સ્વાધ્યાયલોક-૬ | - | નિરંજન ભગત |
| સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા : પરિદર્શન | - | દક્ષા વ્યાસ |
| સંસ્કૃત હિન્દી કોશ | - | વામન શિવરામ આપ્ટે |
| સાંપ્રત સાહિત્ય | - | ધીરુભાઈ ઠાકર |
| સાહિત્યમાં આધુનિકતા | - | સુમન શાહ |
| સાહિત્યિકવાદ | - | સંપાદક અમૃતલાલ |
| સાહિત્યવાદ | - | ચન્દ્રકાન્ત શેઠ |
| સાર્ત્રનું તત્ત્વજ્ઞાન | - | મધુસુદન બક્ષી |
| સુરેશ જોશીથી સુરેશ જોશી | - | સુમન શાહ |
| સુરેશ જોશીથી સત્યજીત શર્મા | - | સુમન શાહ |
| શ્રુણ્વન્તુ | - | સુરેશ જોશી |

# સામયિક લેખ સૂચિ


નલિન રાવળ, 'કવિલોક', મે-જૂન '૮૧, પૃ.૮૨

સુમન શાહ, 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', અંક ૪, ઓક્ટો. ૮૨, પૃ.૧૫

પ્રવીણ દરજી, 'કવિલોક', મે-જૂન ૮૧, પૃ.૪૪

નલિન રાવલ, 'કવિલોક', મે-જૂન-'૮૧, પૃ.૨

નિરંજન ભગત, 'કવિલોક', મે-જૂન-'૮૧, પૃ.૬૩

'ક્ષિતિજ'નો નવલકથા વિશેષાંક, એપ્રિલ ૧૯૬૩

જ્ઞાનગંગોત્રી ગ્રંથ ૧૦ - સં. ભોગીલાલ ગાંધી

ઉદ્દેશ, માસિક - એપ્રિલ-૨૦૦૧

પરબ - દસમો દાયકો વિશેષાંક માસિક, જૂન-૨૦૦૨

પરબ-વિશેષાંક ૩૨મુ અધિવેશન ૧૯૮૧

ઉદ્દેશ-માસિક , મે-૨૦૦૦